KALPATARU PROJECTS INTERNATIONAL LIMITED

**KPIL/26-27**
**16th June, 2026**

| **BSE Limited**<br>Corporate Relationship Department<br>Phiroze Jeejeebhoy Towers<br>Dalal Street, Fort<br>Mumbai - 400 001<br><br>**Scrip Code: 522287** | **National Stock Exchange of India Ltd.**<br>'Exchange Plaza', C-1,<br>Block 'G', Bandra-Kurla Complex<br>Bandra (E)<br>Mumbai – 400 051<br><br>**Scrip Code: KPIL** |
|---|---|

**Sub.: Submission of Newspaper Advertisement related to Annual General Meeting, Record Date and other related information**

Dear Sirs/Madam,

Pursuant to Regulation 30 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we submit herewith copies of newspaper advertisement related to 45th Annual General Meeting scheduled to be held on Wednesday, July 15, 2026 at 12:30 p.m. IST through Video Conferencing (VC) / Other Audio Visual Means (OAVM), Record Date and other related information, published on 16th June, 2026 in newspapers viz. Economic Times in English language and Jai Hind in Gujarati language.

Kindly take the same on records.

Thanking You,

Yours faithfully,
For **Kalpataru Projects International Limited**

SHWETA GIROTRA
Digitally signed by SHWETA GIROTRA
Date: 2026.06.16 15:29:46 +05'30'

**Shweta Girotra**
**Company Secretary**

Encl: a/a

**Corporate Office:** Kalpataru Synergy, 7th Floor, Opp. Grand Hyatt, Santacruz (E), Mumbai – 400055, India | **Tel:** +91 22 3064 2100/+91 22 6885 1500
**Registered Office:** Plot No. 101, Part-III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028, Gujarat, India | **Tel:** +91 79 2321 4000
**Email:** info@kalpataruprojects.com | **Website:** www.kalpataruprojects.com | **CIN:** L40100GJ1981PLC004281



મધ્ય-પૂર્વના યુધ્ધ બાદ આશરે ચાર મહિના પછી એલએનજી લઈને દિશા જહાજ મધ્ય-પૂર્વ ગલ્ફથી નીકળીને ભારત આવવા રવાના થયું હતું આગામી તા.૧૮ના રોજ તે દહેજ બંદરે આવે તેવી સંભાવના છે.

# નવતર અભિગમ : રાહદારીઓ પોતે જ બટન દબાવી રસ્તો ક્રોસ કરી શકશે

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ શહેરમાં પદયાત્રીઓની (પગપાળા ચાલતા નાગરિકો) સુરક્ષાને પ્રાધાન્ય આપવા અને ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુગમ બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. શહેરના સૌથી વ્યસ્ત વ્યાપારિક વિસ્તાર એવા સી.જી. રોડ પર મ્યુનિસિપલ માર્કેટ પાસે પ્રાયોગિક ધોરણે 'પેલિકન (પુશ-બટન સંચાલિત) ટ્રાફિક સિગ્નલ' ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ હાલ ટ્રાયલ રન હેઠળ શરૂ કરવામાં આવ્યો છે.

આ સિગ્નલ એ ખાસ કરીને પદયાત્રીઓ માટે ડિઝાઈન કરવામાં આવેલી બટન-ઓપરેટેડ સિસ્ટમ છે.

જ્યારે કોઈ નાગરિકને વ્યસ્ત રોડ ઓળંગવો (ક્રોસ કરવો) હોય, ત્યારે તેમણે સિગ્નલના થાંભલા પર લગાવેલું બટન દબાવવાનું રહેશે.

બટન દબાવવાની સાથે જ સિગ્નલ સિસ્ટમ સક્રિય થશે અને થોડી જ ક્ષણોમાં વાહનો માટેની લાઈટ લાલ (રેડ) થઈ જશે.

## શહેરના સી.જી. રોડ ઉપર પેલિકન સિગ્નલની શરૂઆત

આનાથી વાહનો ઉભા રહી જશે અને પદયાત્રીઓને કોઈપણ ભય વિના, સુરક્ષિત રીતે રસ્તો ઓળંગવા માટે પૂરતો સમય મળી રહેશે.

આ નવું સિગ્નલ હાલમાં અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસને કામગીરી અને નાગરિકોના વપરાશ માટે સોંપવામાં આવ્યું છે. એ.એમ.સી. દ્વારા આ પ્રાયોગિક ધોરણના સિગ્નલના અમલીકરણનું બારીકાઈથી અવલોકન કરવામાં આવશે, તો ટ્રાફિક પોલીસની જરૂરિયાત મુજબ શહેરના અન્ય વ્યસ્ત અને ટ્રાફિકવાળા સ્થળો પર પણ આવા પેલિકન સિગ્નલ ઈન્સ્ટોલ કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા સંયુક્ત રીતે તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે મ્યુનિસિપલ માર્કેટ પાસેથી પસાર થતી વખતે આ નવી સુવિધાનો મહત્તમ ઉપયોગ કરે. આ સાથે જ તમામ વાહનચાલકોને પણ વિનંતી કરવામાં આવી છે કે જ્યારે પેલિકન સિગ્નલ લાલ (રેડ) થાય ત્યારે નિયમ મુજબ પોતાના વાહનો થોભાવીને પદયાત્રીઓને સહકાર આપે, જેથી સૌ માટે મુસાફરી સુરક્ષિત અને સુખદ બની રહે.


# જૂનાગઢની દુષ્કર્મ પીડીતાને ગર્ભપાતની હાઈકોર્ટની મંજૂરી

અમદાવાદ,તા.૧૫

જૂનાગઢની માત્ર ૧૩ વર્ષની દુષ્કર્મપીડિત સગીરાને ગુજરાત હાઈકોર્ટે તેની માનસિક પીડા સહિતના પાસાઓ ધ્યાનમાં લઈ તેના ૧૯ સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે મંજૂરી આપી છે. હાઈકોર્ટે જૂનાગઢની જીએમઈ આરએસ મેડિકલ કોલેજ હોસ્પિ.ના નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા પીડિતાની કરાયેલી મેડિકલ તપાસ અને રિપોર્ટના આધારે સગીરાની ગર્ભના ગર્ભપાતની મંજૂરી આપી હતી.

ઉલ્લેખનીય છે કે, હાઈકોર્ટે વર્ષ ૨૦૨૬માં તા.૧૫ જૂન સુધીમાં એટલે કે, સાડા પાંચ મહિનામાં ૧૨ પીડિતાને ગર્ભપાતની મંજૂરી આપી છે. પ્રસ્તુત કેસમાં, નિષ્ણાંત તબીબોના મેડિકલ રિપોર્ટ મુજબ, સગીરાના ગર્ભનો ગર્ભપાત કરવો શક્ય હોઈ તેમ જ તેમાં જોખમનું પ્રમાણ ઓછું હોવાની બાબત કોર્ટે ધ્યાને લીધી હતી. હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના સંબંધિત ચુકાદાને ટાંકના જણાવ્યું કે, દુષ્કર્મના કારણે રહેલો ગર્ભ સ્ત્રીના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર ઈજા સમાન છે. સગીરવયની પિડીતાને દુષ્કર્મ કરનાર આરોપીના બાળકનો જન્મ આપવા મજબૂર કરવી એ અમાનવીય છે.

જૂનાગઢની ૧૩ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવવાના પ્રકરણમાં આરોપી વિરૂધ્ધ ઉના પોલીસ મથકમાં પોકસો સહિતના કાયદા હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. હાઈકોર્ટે જૂનાગઢ મેડિકલ કોલેજ-હોસ્પિ.ના સુપ્રિ. અને ત્રણ સિનિયર ગાયનોકોલોજિસ્ટ, એક સાયકિયાટ્રીસ્ટ ટીમ બનાવી સગીરાના ગર્ભના ગર્ભપાતની પ્રક્રિયા હાથ ધરવા જણાવ્યું હતું કે, બાળક જીવિત જન્મે તો તેને શ્રેષ્ઠ સારવાર આપવા પણ કોર્ટે જણાવ્યું હતું.



## 'કલીન ફૂડ ઈન્ડિયા-૨૦૩૦' ઝુંબેશ માટે અમદાવાદ આઈઆઈએમ અને ખેતિકાએ એમઓયુ કર્યા

અમદાવાદ,તા.૧૫

અમદાવાદ આઈઆઈએમ અને ખેતિકા ફાઉન્ડેશને દેશમાં સ્વચ્છ ખોરાક માળખાને આકાર આપવા માટે મહત્વપૂર્ણ ભાગીદારીની જાહેરાત કરી હતી.

આજે આ બાબતે માહિતી આપતા ખેતિકાના સહસ્થાપક ડો. પૃથ્વીસિંહ અને રઘુવીર તેમજ આઈઆઈએમના પ્રો. રંજનકુમાર ઘોષએ જણાવ્યું હતું કે, અમે 'કલીન ફૂડ ઈન્ડિયા-૨૦૩૦' ઝૂંબેશ માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ એમઓયુનો ઉદ્દેશ્ય ભારતમાં સ્વચ્છ ખોરાકને પ્રોત્સાહન આપવાનો, ખેડૂતોને સશક્ત બનાવવાનો અને ખાદ્ય ઈકોસિસ્ટમમાં પારદર્શિતા લાવવાનો છે.

શહેરમાં આગામી નવેમ્બરમાં 'ઈન્ડિયા કલીન ફૂડ સમિટ-૨૦૨૬'નું આયોજન કરવાના છીએ સ્વચ્છ ખોરાક જાગૃતિ, સહયોગ અને સંસ્થાકીય સમર્થનને પ્રોત્સાહન આપવા માટે નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ સાહસિકો, ખેડૂતો અને ગ્રાહક હિમાયતીઓ આ સમિટમાં ભાગ લેશે.

## રાજ્યમાં કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની સંભાવના

અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં પ્રિ-મોન્સૂન ગતિવિધિઓ વચ્ચે હાલમાં વાતાવરણમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. જ્યારે આગામી ૭ દિવસ દરમિયાન કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની સંભાવાના હવામાન વિભાગે વ્યકત કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી કેટલાક દિવસોમાં તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થવાની શક્યતા નથી. જેના કારણે ગરમી અને ભેજનું પ્રમાણ યથવાત્ રહેશે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, હાલમાં ચોમાસુ પશ્ચિમ બંગાળ, બંગાળની ખાડીના કેટલાક ભાગો, તેલંગાણા, ઓડિશા, ઝારખંડ અને બિહારના કેટલાક ભાગોમાં આગળ વધ્યું છે. અને આગામી ચાર-પાંચ દિવસ મહારાષ્ટ્ર-કર્ણાટકના ભાગો, ઓડિશા, અને છતીસગઢના કેટલાક ભાગોમાં ચોમાસાને આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ છે.ભાવનગરમાં સૌથી વધુ ૪૦.૯ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. જ્યારે અમદાવાદમાં ૪૦.૪ ડિગ્રી અને રાજકોટમાં ૩૯.૧ ડિગ્રી મહત્તમ તપામાન નોંધાયું હતું. તેમજ ભૂજમાં ૩૬.૪ ડિગ્રી, ડીસામાં ૩૮.૮ ડિગ્રી, નલિયામાં ૩૫ ડિગ્રી, ઓખામાં ૩૪.૮ ડિગ્રી, સુરતમાં ૩૫.૩ ડિગ્રી અને વેરાવળમાં ૩૩.૭ ડિગ્રી ગરમી નોંધાઈ હતી.

# હાઈકોર્ટે વડોદરા જમીન વિવાદ મામલે પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણને ચાર સપ્તાહનો આપ્યો સમય

અમદાવાદ,તા.૧૫

વડોદરા મ્યુનિ. કોર્પોરેશનની ટીપી સ્કીમ નંબર-૨૨ના પ્લોટ નંબર-૯૦ના પ્લોટ પર ગેરકાયદે કબ્જો કરવાના વિવાદમાં પશ્ચિમ બંગાળના તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાએ આજે ગુજરાત હાઈકોર્ટમાં એક અરજી કરી સમયની માંગણી કરાઈ હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન.રેની ખંડપીઠે યુસુફ પઠાણને જરૂરી જવાબ કે રજૂઆત કરવા માટે ચાર સપ્તાનો સમય આપ્યો હચો. સાથે સાથે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, અદાલત તમને સમય આપે છે પરંતુ તમે જેટલું મોડું કરશો એટલો દંડ વધારે થશે. કારણ કે, વર્ષ ૨૦૧૪થી તમારો જમીન પર અનઅધિકૃત કબ્જો છે.

પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ તરફથી અરજી કરી જણાવાયું હતું કે, આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોને જમીન ફાળવણી અંગે સરકારની જે નીતિઓ છે તે સહિતની કેટલીક બાબતો તેઓ અદાલતના ધ્યાન પર મૂકવા માંગે છે અને આ કેસમાં પોતાનો જરૂરી પક્ષ રજૂ કરવા ઈચ્છે છે તેથી થોડો સમય આપવામાં આવે. તેથી હાઈકોર્ટે યુસુફ પઠાણને ચાર સપ્તાહનો સમય આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ દ્વારા વડોદરામાં જમીન મેળવવા માટે અરજી કરતા વર્ષ ૨૦૧૨માં વડોદરા મનપાની સ્ટે. કમીટીએ ઠરાવ પસાર કરીને

## અદાલત તમને સમય આપે છે પરંતુ તમે જેટલું મોડું કરશો એટલો દંડ વધારે થશે:હાઈકોર્ટની સ્પષ્ટતા

માર્કેટ કિંમતે જમીન આપવા અંગે પ્રસ્તાવ કર્યો હતો. વડોદરા મહાનગપાલિકાની સામાન્ય સભાએ તેને મંજૂરી આપી પછી તેની મંજૂરી માટે રાજ્ય સરકાર પાસે ગઈ હતી. રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪માં જમીન આપવાની અરજી નકારી કાઢી હતી. સરકારના નિર્ણયથી નારાજ પઠાણ દ્વારા વર્ષ ૨૦૨૪માં ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેમાં વડોદરા મનપાના તા.૬-૬-૨૦૨૪ના યુસુફ પઠાણની તરફેણમાં જાહેર હરાજી વિના ૯૯ વર્ષના લીઝ પર પ્લોટ ફાળવવાનો પ્રસ્તાવ નકારવાના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો.

વડોદરા મનપા દ્વારા યુસુફ પઠાણને જમીન પરનું દબાણ દૂર કરવાની પણ સૂચના આપી હતી. જો કે, હાઈકોર્ટના સીંગલ જજે તા.૧૨-૯-૨૦૨૫ના રોજ પઠાણને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઈન્કાર કરી તેની અરજી ફગાવી દીધી હતી. સીંગલ જજના આ હુકમ સામે યુસુફ પઠાણ દ્વારા હાઈકોર્ટની ખંડપીઠ સમક્ષ હાલની લેટર્સ પેટન્ટ અપીલ દાખલ કરવામાં આવી હતી. જેમાં હાઈકોર્ટે યુસુફ પઠાણને જમીન ખાલી કરવા અને નુકસાન ભરપાઈ કરવા મુદ્દે જવાબ માંગ્યો છે.

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ શ્રીમાળી અંકિતા જીગ્નેશકુમાર હતુ તે બદલીને શ્રીમાળી અંકિતા જીજ્ઞેશ રાખેલ છે. રહે.: એ-૧૩૦૩, ઓલીવ ગ્રીન્સ, ગોતા, અમદાવાદ.

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ શ્રીમાળી જીગ્નેશકુમાર ગીરીશભાઈ હતુ તે બદલીને જીજ્ઞેશ જી શ્રીમાળી રાખેલ છે. રહે.: એ-૧૩૦૩, ઓલીવ ગ્રીન્સ, ગોતા, અમદાવાદ.

**નામ/અટક બદલેલ છે**

મે મારૂ નામ/અટક માલવીયા રંભાબેન માંથી બદલીને રંભાબેન નાનજીભાઈ માલવીયા કરેલ છે. સરનામું : ૯, નરનારાયણ સોસાયટી, ડી-માર્ટ સામે, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪

**નામ/અટક બદલેલ છે**

મે મારૂ નામ/અટક શ્વેતા ધવલકુમાર પટેલ માંથી બદલીને શ્વેતા ધવલકુમાર પટેલ કરેલ છે. સરનામું : એ-૮૦૨, શ્રીધર શ્રાઈન જીએનએલયુ પાસે, કોબા, ગાંધીનગર-૩૮૨૪૨૬

**નામ/અટક બદલેલ છે**

મે મારૂ નામ/અટક રંભાબેન માલવીઆ માંથી બદલીને રંભાબેન નાનજીભાઈ માલવીયા કરેલ છે. સરનામું : ૯, નરનારાયણ સોસાયટી, ડી-માર્ટ સામે, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪

**નામ બદલેલ છે**

મારુ નામ (જૂનું) તનુ લતા મીના થી બદલીને (નવું) તનીષા અખિલકુમાર ગેહલોત રાખેલ છે. સરનામું : બી/૧૪૦૧, અલ્ટીયસ વાઈબ, આંબલી બીઆરટીએસ સ્ટોપની સામે, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮

**નામ બદલેલ છે**

મારૂ નામ નુસરત ગુલામમયુદીન કુરેશી થી બદલી નુસરત ગુલામમૈયુદીન કુરેશી રાખેલ છે. ૪૪૫૧, ઘાંચી ઓલ, ગોલલીમડા, અમદાવાદ

**નામ/અટક બદલેલ છે**

મે મારૂ નામ/અટક માલવીઆ નાનજીભાઈ માંથી બદલીને નાનજીભાઈ વલ્લભભાઈ માલવિયા કરેલ છે. સરનામું : ૯, નરનારાયણ સોસાયટી, ડી-માર્ટ સામે, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪

**શ્રી એસ.ડી.ચૌધરી એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં**

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ.નં.૩૫૫/૨૦૨૫ તા.૧૩/૦૮/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. ડેડુણ દિનેશભાઈ જીતેન્દ્રભાઈ
રહે.મોટીપંડુલી, તા.મેઘરજ, જિ.અરવલ્લી

:: વિરૂધ્ધ ::

સામાવાળા:- ૧. રજીસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી કમ મંત્રીશ્રી, મોટીપંડુલી ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી,
મુ.મોટીપંડુલી, તા.મેઘરજ, જિ.અરવલ્લી

વિષય:- જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.
મોજે.મોટીપંડુલી, તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ વિવાદ અરજી.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારશ્રીએ તેઓની તા.૩૧/૦૫/૨૦૨૫ની અરજીથી તેઓના પુત્રશ્રી ડેડુણ ધિયાનભાઈ દિનેશભાઈનો તા.૧૭/૦૩/૨૦૨૦ના રોજ મુ. મોટીપંડુલી, તા.મેઘરજ, જિ.અરવલ્લી મુકામે જન્મ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આ કામના અરજદારશ્રીએ સ્વખર્ચે પ્રતિષ્ઠીત દૈનિક વર્તમાન પત્રમાં સદર જાહેર નોટીસની દિન-૭ની સમયમર્યાદામાં પ્રસિધ્ધી કરાવી તેની નકલ અત્રેની કોર્ટમાં રજુ કરવાની રહેશે.

આજ તા.૧૩/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટીસ ઈસ્યુ કરી.

(એસ. ડી. ચૌધરી)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર, મેઘરજ

**આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, પાંચમા માળે, લાઈટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટી, મુંબઈ સુબુરબાન (જિલ્લા) મહારાષ્ટ્ર-૪૦૦૦૭૨

અમદાવાદ શાખાઃ ૩૦૧, ત્રીજા માળે, એબીસી-૩, હોટેલ રેજેન્ટા સામે, ગીરીશ કોલ્ડ્રીંક નજીક, ઉમાશંકર જોશી માર્ગ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

હિંમતનગર શાખાઃ ઓફિસ નં. ૨૧૩-એ, બીજા માળે, સમ કોમ્પલેક્સ ૨, મોતીપુરા, પો.હિંમતનગર, જીલ્લોઃ સાબરકાંઠા-૩૮૩૦૦૧ (ગુજરાત)

મોડાસા શાખાઃપહેલા માળે, શોપ ન. ૭,૮,૯,૧૦ બાલાજી કોમ્પલેક્સ, પ્લોટ નં. ૨, એન.એ. સર્વે નં. ૩૮૭/પી-૩, પૈકી ગામ મોડાસા, તા.મોડાસા, જી. અરવલ્લી-૩૮૩૩૧૫ (ગુજરાત)

વિરમગામ શાખાઃ પહેલા માળે, શોપ નં. ૧૧૭, અવધ કોમ્પલેક્સ, વિરમગામ બેચરાજી રોડ, વિરમગામ-૩૮૨૧૫૦ (ગુજરાત)

**ડિમાન્ડ નોટિસ**

ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના સેક્શન ૧૩(૨) અને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩(૧) હેઠળ

નીચે સહી કરનાર ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (સદર કાયદો) હેઠળ આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.(એએચએફએલ)ના અધિકૃત અધિકારી છે. સદર કાયદાના સેક્શન ૧૩(૧૨)ને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા હેઠળ મળેલ અધિકારોની રૂએ અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદાર(રો)(સદર દેવાદાર(રો))ને સેક્શન ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસો ઈસ્યૂ કરીને સંબંધિત ડિમાન્ડનોટિસ(સો)માં ઉલ્લેખ થયેલ રકમો ભરપાઈ કરી જવા કહેલ છે જે નીચે જણાવેલ છે. ઉપરના સંદર્ભે, અત્રે ફરી એકવાર, સદર દેવાદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે એએચએફએલને આ નોટિસ પ્રકાશિત થયાના દિન ૬૦માં અહીં જણાવેલ રકમો, સદર ડિમાન્ડ નોટિસ(સો)માં જણાવ્યા મુજબ આગળ થનાર વ્યાજ સહિત, નીચે આપેલ તારીખોથી તે નાણાં પૂરેપૂરાં ચૂકવાય ત્યાં સુધી અને /અથવા વસૂલ કરાય ત્યાં સુધીની તારીખ સુધી, દેવાદાર(રો) દ્વારા કાર્યવાહી કરાયેલ બીજા દસ્તાવેજો /લખાણો સાથે વંચાણે લઈને લોન એગ્રીમેન્ટ હેઠળ ચૂકવણાપાત્ર રકમ ચૂકવી જવી. લોનની પરત ચૂકવણી માટે સિક્યોરિટી તરીકે નીચેની અસ્ક્યામતો એએચએફએલ પાસે સદરહુ દેવાદાર(રો) દ્વારા અનુક્રમે ગિરવે રાખવામાં આવેલ છે.

| | દેવાદાર/સહ-દેવાદાર અને જામીનદારનું નામ | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | સિક્યોર્ડ એસેટ (સ્થાવર મિલકત)નું વર્ણન |
|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૦૩૫૦૦૦૦૦૫૪૮/ અમદાવાદ શાખા) સ્વશ્રી બચુભાઈ કુકાભાઈ ભરવાડ (જેના કાયદેસરના વારસદાર ) (દેવાદાર) ખોડાભાઈ બચુભાઈ પરમાર (સહ દેવાદાર) રજનીકાંત કાશીરામ પટેલ (જામીનદાર) | 09-06-2026 ₹ 1,13,326/- | તમામ આવાસીય સંપત્તિ મિલકત નં. ૧૮૦૯/૬, ગ્રાઉન્ડ ફ્લોર, ભરવાડ વાસ, પ્રાથમિક સ્કૂલ પાછળ, મોજે ગાબડ, તાલુકા બાયડ, જિ.બનાસકાંઠા, ગુજરાત-૩૮૩૩૨૫ સીમાઓઃ પૂર્વેઃ પ્રાથમિક સ્કૂલ પશ્ચિમેઃ રહીમભાઈ બાબુભાઈ મકરાણી ઉત્તરેઃ ખુલ્લો પ્લોટ દક્ષિણેઃ સંજયભાઈ મયુરભાઈ |
| 2 | (લોન કોડ નં. ૦૩૬૧૦૦૦૦૨૦૪/ હિંમતનગર શાખા) ઈમદાદભાઈ અકબરભાઈ સાલેજી (દેવાદાર) શહેનાઝબાનુ ઈમદાદભાઈ સાલેજી (સહદેવાદાર) | 09-06-2026 ₹ 4,79,065/- | તમામ આવાસીય સંપત્તિ ગ્રાઉન્ડ ફ્લોર મિલકત નં. ૨૫૮/૧, આકારણી નં. ૨૫૮, મુસ્લિમ ફળી (સિયા ફળી) ગામ કેશરપુરા, કેશરપુરા તા.ઈડર, જિલ્લાઃ સાબરકાંઠા ગુજરાત-૩૮૩૨૫૦. સીમાઓઃ પૂર્વેઃ લોધા યાસીલભાઈનું મકાન, પશ્ચિમેઃ રસ્તો, ઉત્તરેઃ રસ્તો દક્ષિણેઃ આસીફભાઈ અકબરભાઈ સાલેજીનું મકાન. |
| 3 | (લોન કોડ નં. ૩૯૫૧૦૦૦૦૦૯૧/ મોડાસા શાખા) નિરવકુમાર નરસિંહભાઈ નાઈ (દેવાદાર) કોકીલાબેન નાઈ (સહ દેવાદાર) | 09-06-2026 ₹ 10,96,285/- | તમામ આવાસીય સંપત્તિ બ્લોક નં.એ, ફ્લેટ નં. ૧૦૭, પહેલા માળે, નિત્યદર્શન ખાલીકપુર રોડ, ખાલીકપુર ગામ પ્લોટ નં. ૦૨, તા.મોડાસા, જિ. અરવલ્લી-૩૮૩૩૧૫. સીમાઓઃ પૂર્વેઃ ખુલ્લી જગ્યા, પશ્ચિમેઃ કોમન પેસેજ, ઉત્તરેઃ ફ્લેટ નં. ૧૦૬, દક્ષિણેઃ ફ્લેટ નં. ૧૦૮ |
| 4 | (લોન કોડ નં. ૩૯૫૧૦૦૦૦૧૦૭/ મોડાસા શાખા) અભયકુમાર મનીષભાઈ પંડ્યા (દેવાદાર) જ્યોતિબેન દિનેશ પંડ્યા (સહ દેવાદાર) | 09-06-2026 ₹ 10,52,591/- | તમામ આવાસીય સંપત્તિ બ્લોક નં. એ-, ફ્લેટ નં. ૧૦૧ ફર્સ્ટ ફ્લોર, ''નિત્યદર્શન'' ખાલીકપુર આર.એસ. નં. ૨૯/બી પૈકી ૧ ગામઃ ખાલીકપુર, પ્લોટ નં. ૦૨, તા.મોડાસા, જિલ્લાઃ અરવલ્લી ગુજરાત-૩૮૩૩૧૫. સીમાઓઃ પૂર્વેઃ કોમન પેસેજ નજીકના ફ્લેટના દરવાજો, પશ્ચિમેઃ ફ્લેટની પર્સનલ દિવાલ ઉત્તરેઃ ફ્લેટનં.૨ કોમન મધ્ય દિવાલ સાથે, દક્ષિણેઃ પર્સનલ દિવાલ ફ્લેટ અને સીડીની. |
| 5 | (લોન કોડ નં. ૪૨૬૧૦૦૦૦૦૧૩/ વિરમગામ શાખા) કિરણભાઈ અમૃતભાઈ સેનવા (દેવાદાર) ગોપાલભાઈ અમૃતભાઈ સેનવા, અમૃતભાઈ ચતુરભાઈ સેનવા અને મંજુલાબેન અમૃતભાઈ સેનવા (સહ દેવાદારો) | 09-06-2026 ₹ 5,23,823/- | તમામ આવાસીય સંપત્તિ ગ્રાઉન્ડ ફ્લોર મિલકત નં. ૯૮૬, સેનવા વાસ, મહેસાણા ઈન્ટરનલ રસ્તો, ગામઃમહેસાણા ગામ તા.સાણંદ, જિલ્લોઃ અમદાવાદ, ગુજરાત-૩૮૨૧૧૦ સીમાઓઃ પૂર્વેઃ પબ્લિક રસ્તો, પશ્ચિમેઃ પબ્લિકરસ્તો, ઉત્તરેઃ ગાભાઈ કમાભાઈ સેનવાનું મકાન, દક્ષિણેઃ કમુભાઈ લખુભાઈનું મકાન. |

સદરહુ દેણદારો એએચએફએલને ઉપર જણાવ્યા મુજબ નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય છે તો એએચએફએલ ઉપરની સિક્યોર્ડ અસ્ક્યામતો અંગે કાયદાના સેક્શન ૧૩(૪) અને અન્ય લાગુ પડતા નિયમો હેઠળ સંપૂર્ણપણે સદરહુ દેણદારોના જોખમે અને ખર્ચે કાર્યવાહી કરશે. સદરહુ દેણદારોને કાયદા હેઠળ ઉપરોક્ત અસ્ક્યામતોને એએચએફએલની લેખિત પૂર્વમંજૂરી વિના વેચાણ, લિઝ કે અન્ય કોઈ રીતે તબદિલ કરવા સામે મનાઈ ફરમાવવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ સદર કાયદા કે તેની હેઠળના નિયમોની જોગવાઈનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘન કરવાનો પ્રયાસ કરે છે તો તે કાયદાની જોગવાઈ હેઠળ જેલ અને/અથવા દંડને પાત્ર રહેશે.

સ્થળ:ગુજરાત
તા.૧૬.૦૬.૨૦૨૬

સહી/-અધિકૃત અધિકારી
વતી, આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ.

KALPA-TARU

KALPATARU PROJECTS INTERNATIONAL LIMITED

**કલ્પતરૂ પ્રોજેક્ટ્સ ઈન્ટરનેશનલ લિમિટેડ**

રજિ. ઓફિસઃ પ્લોટ નં.૧૦૧, પાર્ટ- III, જીઆઈડીસી એસ્ટેટ, સેક્ટર - ૨૮, ગાંધીનગર – ૩૮૨ ૦૨૮, ગુજરાત, ભારત

ટેલિ..: +૯૧ ૭૯ ૨૩૨૧ ૪૦૦૦

CIN: L40100GJ1981PLC004281

ઈમેઈલઃ cs@kalpataruprojects.com વેબસાઈટઃ www.kalpataruprojects.com

**૪૫ મી વાર્ષિક સાધારણ સભા અને ડિવિડન્ડની નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે કલ્પતરૂ પ્રોજેક્ટ્સ ઈન્ટરનેશનલ લિમિટેડ(**કંપની**)ના સભ્યોની ૪૫મી વાર્ષિક સાધારણ સભા (**એજીએમ**) બુધવાર, જુલાઈ ૧૫, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૩૦ વાગે (ભા.સ્ટા.સ.), કંપનીધારા, ૨૦૧૩ (**કાયદા**)ની લાગુ પડતી જોગવાઈઓ, તેની હેઠળના નિયમો મુજબ, ભારત સરકારના કોર્પોરેટ પ્રકરણોના મંત્રાલયના સામાન્ય સર્ક્યુલર નં. ૨૦/૨૦૨૦ તા.મે ૦૫, ૨૦૨૦ ને સામાન્ય સર્ક્યુલર નં. ૦૩/૨૦૨૫ તા.૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૫ સાથે વંચાણે લીધા સહિતના વખતોવખત વિવિધ સામાન્ય સર્ક્યુલર (**એમસીએ સર્ક્યુલર્સ**)ના પાલન અનુસાર વિડીયો કોન્ફરન્સિંગ (**વીસી-"VC"**) /અન્ય ઓડિયોવિઝ્યુઅલ સાધનો (**ઓએવીએમ-"OAVM"**) દ્વારા યોજવામાં આવશે. એમસીએ સર્ક્યુલર્સ ઉપરાંત, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (**સેબી**)એ સૂચિબદ્ધ સંસ્થાઓને તેમના વાર્ષિક અહેવાલ ઈલેક્ટ્રોનિક મોડમાં મોકલવા પરવાનગી આપેલ છે.

એમસીએ સર્ક્યુલર્સ અને સેબી સર્ક્યુલર્સના અનુસાર ૪૫મી વાર્ષિક સાધારણ સભા (**એજીએમ**)ની નોટિસ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કંપનીના સંકલિત વાર્ષિક અહેવાલ સાથે જે સભ્યોના ઈમેઈલ એડ્રેસ કંપની/ રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ(**આરટીએ**) અથવા તેમા સંબંધિત ડિપોઝીટરી સહભાગીઓ પાસે નોંધાયેલ હશે તે સભ્યોને ઈ-મેઈલથી મોકલી આપવામાં આવશે. જે સભ્યોના ઈમેઈલ નોંધાયેલ નથી તેમને સંકલિત વાર્ષિક અહેવાલની વેબ-લિંક આપતો પત્ર મોકલી અપાશે. જે સભ્યોએ cs@kalpataruprojects.com પર તેમના ફોલિઓ નં./ડીપી આઈડી અને ક્લાયન્ટ આઈડીનો ઉલ્લેખ કરીને વિનંતી કરી હશે તેમને કંપની એજીએમ નોટિસ અને સંકલિત વાર્ષિક અહેવાલની ભૌતિક કોપી મોકલી આપશે.

જે સભ્યોએ પોતાના ઈમેઈલ આઈડી ડિપોઝીટરીઝ/કંપની/આરટીએ પાસે રજિસ્ટર/ અપડેટ ન કરાવ્યા હોય તેમને વિનંતી છે કે તેઓ તેમના ઈ-મેઈલ એડ્રેસીસ નીચેની રીતે નોંધાવે/અપડેટ કરાવે:

અ. ઈલેક્ટ્રોનિક/ડિમેટ ફોર્મમાં શેર ધરાવતા શેરધારકોને વિનંતી છે કે તેમના ઈમેઈલ એડ્રેસ તેમના સંબંધિત ડિપોઝીટરી સહભાગીઓ મારફતે ડિપોઝીટરી(ઝ)ને નોંધાવી/ અપડેટ કરાવી દે. તેમ છતાં, સભ્યો એને કંપનીના આરટીએ મે. એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (અગાઉ મે.લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ તરીકે જાણીતી)ને https://web.in.mpms.mufg.com/EmailReg/Email_Register.html પર તેમની વેબસાઈટ https://in.mpms.mufg.com/ પર ઈન્વેસ્ટર સર્વિસિઝ ટેબ (ઈમેઈલ રજિસ્ટ્રેશન)માં પોતાનું નામ, ડીપી આઈડી, ક્લાયન્ટ આઈડી, પાન, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ સરનામું વગેરે જેવી વિગતો આપીને તેને (નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે નોટીસ અને ઈન્ટિગ્રેટેડ વાર્ષિક અહેવાલ પ્રાપ્ત કરવાના મર્યાદિત હેતુ માટે) મોકલીને કામચલાઉ રીતે નોંધણી કરાવી શકશે.

બ. જેઓ ભૌતિક સ્વરૂપમાં શેરો ધરાવે છે તેમને કંપનીના આરટીએ, એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (અગાઉ મે.લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ તરીકે જાણીતી) ને ફોર્મ આઈએસઆર-૧ (ISR - 1) સહાયક દસ્તાવેજો સાથે રજૂ કરીને પોતાના ઈ-મેઈલ આઈડી નોંધાવી/અપડેટ કરાવી શકે છે. તેમ છતાં, સભ્યો કંપનીના આરટીએને https://web.in.mpms.mufg.com/EmailReg/Email_Register.html પર તેમની વેબસાઈટ https://in.mpms.mufg.com/ પર ઈન્વેસ્ટર સર્વિસિઝ ટેબ (ઈમેઈલ રજિસ્ટ્રેશન)માં પોતાનું નામ, ફોલિઓ નં., સર્ટિફિકેટ નં., પાન, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ વગેરે મોકલીને (નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે નોટીસ અને ઈન્ટિગ્રેટેડ વાર્ષિક અહેવાલ પ્રાપ્ત કરવાના મર્યાદિત હેતુ માટે) કામચલાઉ ધોરણે નોંધણી કરાવી શકે છે, તેમ જ શેર સર્ટિફિકેટ (આગળની અને પાછળની બાજુ)ની પીડીએફ અથવા જેપીજી ફોર્મેટમાં ઈમેજ (૧ એમબી સુધી) અપલોડ કરી શકશે.

ઉપરોક્ત વિગતો જમા કરાવ્યેથી, એક વન-ટાઈમ પાસવર્ડ (ઓટીપી) સભ્યને મળશે જે વેરીફિકેશન માટે લિંકમાં લખવો પડશે.

સભ્યો **માત્ર** વીસી /ઓએવીએમ દ્વારા જ ૪૫મી એજીએમમાં ભાગ લઈ શકશે. કંપની દ્વારા સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઈંડિયા) લિમિટેડ (**"સીડીએસએલ"**) મારફતે ઈ-વોટિંગ થઈ શકે તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. ૪૫મી એજીએમમાં જોડાવા માટેની સૂચનાઓ અને રિમોટ ઈ-વોટિંગમાં ભાગ લેવાની રીત અને/અથવા ૪૫મી એજીએમ દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમથી મત આપવા માટેની સૂચનાઓ ૪૫મી એજીએમની નોટિસમાં આપેલ છે. સભ્યો એજીએમની નોટિસની નોંધમાં આપેલ સૂચનાઓને અનુસરીને ઈ-વોટિંગ દ્વારા મત આપવા માટેના લોગઈન ક્રેડેન્શિયલ્સ જનરેટ કરી શકશે. વીસી /ઓએવીએમ દ્વારા ભાગ લઈ રહેલ સભ્યોને કાયદાના સેક્શન૧૦૩ હેઠળ કોરમ થવાના હેતુસર ગણવામાં આવશે. સંકલિત વાર્ષિક અહેવાલ સાથે ૪૫મી એજીએમની નોટિસ કંપનીની વેબસાઈટ www.kalpataruprojects.com શેરબજારોની વેબસાઈટ એટલે કે બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ ઓફ ઈંડિયા લિમિટેડની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર અનુક્રમે અને સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર પણ મળશે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તેમની મે ૧૪, ૨૦૨૬ના રોજ મળેલ મીટિંગમાં કંપનીની નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેની આવનાર એજીએમમાં સભ્યોની મંજૂરીને આધીન રૂ. ૨ ની ફેસવેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર ફુલ્લી પેઈડઅપ માટે રૂા.૧૧/- (૫૫૦%) પ્રતિ ઈક્વિટી શેર ફાઈનલ ડિવિડન્ડની ભલામણ કરી છે.

કંપનીએ જો એજીએમમાં મંજૂરી મળી જાય તો માર્ચ, ૩૧, ૨૦૨૬ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ માટે ફાઈનલ ડિવિડન્ડ માટે સભ્યોની યાદી નક્કી કરવાની રેકોર્ડ તારીખ તરીકે સોમવાર, જૂન ૨૯, ૨૦૨૬ નિર્ધારિત કરેલ છે. જો એજીએમમાં જાહેર થાય તો ડિવિડન્ડ ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી ગુરૂવાર, ઓગસ્ટ ૧૩, ૨૦૨૬ના રોજ કે તે પહેલા ચૂકવવામાં આવશે. જે સભ્યોએ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા પોતાના બેંક ખાતામાં જ ડિવિડન્ડ સીધું જમા થાય તે માટેની તેમની બેંકખાતાની વિગતો અપડેટ ન કરી હોય, તેમને વિનંતી છે કે તેમની બેંક ખાતાની પૂરેપૂરી વિગતો તેમના ડિપોઝીટરીઝ (જ્યાં શેરો ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં હોય ત્યાં) પાસે અથવા કંપનીના આરટીએ (જેમાં શેરો ફિઝિકલ ફોર્મમાં હોય) પાસે પોતાના બેંક ખાતાની (બેંક ખાતા નંબર, બેંકનું નામ, શાખા, આઈએફએસસી કોડ વગેરે) વિગતો ફોર્મ આઈએસઆર-૧ (ISR-1)માં સહાયક દસ્તાવેજો સાથે આપીને નોંધાવી દે. ફોર્મ કંપનીની વેબસાઈટ https://kalpataruprojects.com/investors/shareholder-services/advice-for-shareholders-physical-shares પર અને કંપનીના આરટીએની વેબસાઈટ https://in.mpms.mufg.com/ પર ઉપલબ્ધ છે. કોઈ પ્રશ્ન મૂંઝવે તો જે તે સભ્ય આરટીએને investor.helpdesk@in.mpms.mufg.com પર ઈ-મેઈલ મોકલી શકે છે.

સેબીના ૦૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના માસ્ટર સરક્યુલર અને બીજા લાગુ પડતા સેબી સરક્યુલર સાથે વાંચવામાં આવતા, ભૌતિક સ્વરૂપમાં સિક્યોરિટીઝ ધરાવતા સભ્યો માટે કંપનીના આરટીએ ને પાન, સંપર્ક વિગતો (પીન કોડ અને મોબાઈલ નંબર સાથે પોસ્ટલ સરનામું), બેંક એકાઉન્ટ વિગતો અને તેમના અનુરૂપ ફોલિયો નંબરો માટે નમૂના સહી આપવા ફરજિયાત છે. ફોર્મ ISR-1 ના ફોર્મેટ અને અન્ય ફોર્મ કંપનીની વેબસાઈટ અને કંપનીના આરટીએ ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ૦૧ એપ્રિલ, ૨૦૨૪ થી, ભૌતિક સ્વરૂપમાં સિક્યોરિટીઝ ધરાવતા સભ્યોને ડિવિડન્ડ ફક્ત ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા ચૂકવવામાં આવશે. ઉપરોક્ત કોઈપણ દસ્તાવેજો/વિગતો ઉપલબ્ધ ન હોય તેવા ફોલિયોના સંદર્ભમાં ડિવિડન્ડ સહિતની કોઈપણ ચુકવણી ફક્ત ઈલેક્ટ્રોનિક રીતે કરવામાં આવશે, બધી જરૂરી વિગતો નોંધાવ્યા પછી. જે સભ્યોએ ઉપરોક્ત વિગતો નોંધાવી નથી તેમને વહેલી તકે નોંધણી કરાવવા વિનંતી છે.

૧૯ નવેમ્બર, ૨૦૨૫ થી અમલમાં આવતા સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૧૨ માં સુધારા અનુસાર, ડિવિડન્ડની ચુકવણી ફક્ત ઈલેક્ટ્રોનિક મોડમાં જ પ્રક્રિયા કરવામાં આવશે. ડિવિડન્ડ વોરંટ અથવા ચેક દ્વારા ચુકવણી બંધ કરવામાં આવી છે.

આવકવેરા ધારા, ૨૦૨૫ (**આઈટી કાયદો**)ની જોગવાઈઓ મુજબ કંપનીએ જાહેર કરેલ અને ચૂકવેલ ડિવિડન્ડ શેરધારકોના ખાતે કરપાત્ર બને છે અને કંપનીએ આઈટી કાયદામાં દર્શાવેલ દરે શેરધારકોને ચૂકવેલ ડિવિડન્ડમાંથી ટેક્સ એટ સોર્સ (**ટીડીએસ**) કાપવાનો જરૂરી છે.

સામાન્ય રીતે, ટીડીએસની જરૂરિયાતોના પાલન માટે, સભ્યોને વિનંતી છે કે તેમના રહેણાંકની, પાન અને આઈટી કાયદા મુજબની તેમની કક્ષાની પૂરી વિગતો ડિમટીરિયાલાઈઝ્ડ સ્વરૂપે શેર હોય તો તેમના ડિપોઝીટરી સહયોગીઓને આપે અને / અથવા અપડેટ કરે. ફિઝિકલ ફોર્મમાં શેર હોય, તેમણે ઉપર જણાવેલી વિગતો કંપનીના આરટીએ પાસે તેમનું નામ અને ફોલિયો નંબર આપીને અપડેટ કરાવવાની રહેશે. ટીડીએસ ન કપાય/ઓછો કપાય તે લાભ લેવા માટે શેરધારકોને આરટીએની વેબસાઈટ https://web.in.mpms.mufg.com/formsreg/submission-of-Form-121-41.html પર જરૂરી દસ્તાવેજો ડેક્લેરેશન્સ મોડામાં મોડા જૂન ૨૯, ૨૦૨૬ સુધીમાં મોકલી દેવા વિનંતી છે.

આ નોટિસ એમસીએ સર્ક્યુલર્સ અને સેબી સર્ક્યુલર્સના સંદર્ભે કંપનીના સભ્યોની જાણકારી અને લાભ માટે આપેલ છે.

વતી, કલ્પતરૂ પ્રોજેક્ટ્સ ઈન્ટરનેશનલ લિમિટેડ
સહી /-
શ્વેતા ગિરોત્રા
કંપની સેક્રેટરી

તારીખઃ જૂન, ૧૫, ૨૦૨૬
સ્થળ : મુંબઈ